॥ શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૫૪

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
*બેડાવાળા*

સં-૨૦૭૬, પ્ર. આસો સુદ-૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર, સંયમી, વિદ્વાન જ્ઞાની ગુરૂભગવંતોના ચરણોમાં ચરણસેવક શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના કોટિ કોટિ વંદન...

જિનાજ્ઞાસમારાધક પંડિતવર્યશ્રી / શ્રુતભક્ત શ્રાવક આદિને પ્રણામ.

દરેક સંઘમાં જ્ઞાનદ્રવ્યની આવક થતી રહે છે. તો છૂટક ઉપાશ્રયો કે ફ્લેટ પ્રતિક્રમણાદિમાં પણ થતી હોય છે. તેનો યોગ્ય ઉપયોગ શું તેનો ખ્યાલ ન હોવાથી યા આ રકમ પડી રહે યા દેરાસરમાં વપરાઇ જાય એવું બનતું હોય છે.

## જ્ઞાનદ્રવ્ય શેમાં વપરાય ?

(૧) મહાત્માઓના અધ્યાપક અજૈન પંડિતજીના પગારમાં.

(૨) શાસ્ત્રો કે પુસ્તકોના મુદ્રણ-લેખનમાં તથા પૂજ્યને પુસ્તકો ઉપલબ્ધ કરાવામાં.

(૩) જ્ઞાનભંડારના અજૈન નિયામકના પગારમાં.

(૪) જ્ઞાનભંડારના નિર્માણ - કબાટ - પૂંઠા - સ્ટીકર, પુસ્તકોની સૂચિ બનાવવી વગેરે વગેરેમાં.

## વર્તમાન પરિસ્થિતિમાં એક વિશિષ્ટ લાભ

વર્તમાન કાળની અપેક્ષાએ જોઇએ તો સંયમપરિણતિપોષક રોજિંદી વાચનાઓ શક્ય બને તેવા ગ્રુપ્સ પ્રાયઃ ૫% પણ નહીં હોય. સંયમપરિણતિપોષક તથાવિધ જ્ઞાનાભ્યાસ કરાવી શકે, તેવા અજૈન પંડિતવર્યો કદાચ બહુ જ અલ્પ હોય, તો પછી મહાત્માઓ સંયમપરિણતિ મેળવશે ક્યાંથી ? એના વિના સંયમજીવન ટકશે કઇ રીતે ? એ નહીં ટકે તો કેટલું બધું અજુગતું થશે ! આ સ્થિતિમાં જ્ઞાનદ્રવ્યમાંથી સંયમપરિણતિપોષક સુંદર સાહિત્ય તૈયાર કરવું અને યથાશક્તિ સર્વ કે ઓછા-વત્તા મહાત્માઓ સુધી પહોંચતું કરવું, એ જ્ઞાનદ્રવ્યનો શ્રેષ્ઠ ઉપયોગ બની શકે, ઉત્તમ પુસ્તકો, શબ્દકોષ વગેરે. ગુરુભગવંતોને ઉપયોગી જ્ઞાનદ્રવ્યથી ખરીદી શકાય છે. પ્રાય-અપ્રાપ્ય થયંલ જુના જીર્ણ પુસ્તકોની પ્રિન્ટ સ્વાધ્યાય અભ્યાસ માટે ઉપલબ્ધ બનાવીને જીર્ણોદ્ધાર કરી શકાય. સ્વાધ્યાય માટેના પ્રકરણ ગ્રંથો કે ભાષાંતર જો અત્યારે ઉપલબ્ધ ન હોય તો તેની નકલો પૂજ્યોને ઉપલબ્ધ કરાવી શકાય. આ રીતે જ્ઞાનદ્રવ્યનો વિશિષ્ટ લાભ મળી શકે. આવું અમે ગુરુભગવંતો પાસેથી જાણેલ છે.

" दासोऽहं सर्व साधूनाम् "

લી.
જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ



Scanned with CamScanner

# સંવત ૨૦૭૬ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનું નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | શ્રી વિશેષાવશ્યક ભાષ્ય ભા-૧ થી ૪ | આ.અજિતશેખરસૂરિજી | સં. | અર્હમ્ આરાધક ટ્રસ્ટ |
| ૨ | પદ્મ પરિમલ | પં.પદ્મવિજયજી | ગુજ. | અંબાલાલ રતનચંદ |
| ૩ | વૈશાલી | આ.વિજયેન્દ્રસૂરિજી | ગુજ. | જૈન ગ્રંથ પ્રકાશન સમિતિ |
| ૪ | શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય (સટીક) | પૂ.તત્ત્વદર્શનવિજયજી | સં. | પરમપદ પ્રકાશન |
| ૫ | દાનને સમાધિદાન | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૬ | પદરવ ભા-૧,૨ | પં.આત્મદર્શનવિજયજી | ગુજ. | ભવ્ય સંસ્કાર ટ્રસ્ટ |
| ૭ | ભક્તામર મહાસ્તોત્ર | પં.આત્મદર્શનવિજયજી | સં./ગુજ. | ભવ્ય સંસ્કાર ટ્રસ્ટ |
| ૮ | એક હતો પોપટ | પં.વૈરાગ્યરત્નવિજયજી | ગુજ. | પદ્મકરણ ઉત્સવ સમિતિ |
| ૯ | સંકેત | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૧૦ | આગમના અજવાળા | આ.કલ્યાણબોધિસૂરિજી | ગુજ. | જિનશાસન પ્રભાવના ટ્રસ્ટ |
| ૧૧ | પ્રતિક્રમણ વિધિ ક્રમાનુસાર | પૂ.નિર્વાણસાગરજી | હિ./અં. | આ.કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર |
| ૧૨ | અહો જિનશાસનમ્ | પં.ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણોપાસક પરિવાર |
| ૧૩ | સંયમ સંજીવની સ્વાધ્યાય | પં.ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણોપાસક પરિવાર |
| ૧૪ | પ્લીઝ મને દીક્ષા આપો | પૂ.વિમલમ્ | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૫ | પ્લીઝ મુજે દીક્ષા દે | પૂ.વિમલમ્ | હિ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૬ | માનવ જીવનની મહત્તા | પૂ.કલ્પરત્નવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૭ | લઇએ શ્રી નવપદનું શરણું | આ.મુક્તિપ્રભસૂરિજી | ગુજ. | આ.મુક્તિચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા |
| ૧૮ | સાચો જૈન | પૂ.ગુણહંસવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૯ | હેમજીવન ગાથા | સા.સુરક્ષિતાશ્રીજી | ગુજ. | શ્રી હેમશ્રીજી સંયમ સમાધિ સમિતિ |
| ૨૦ | સંયમ સંવેદના-૧ | પં.ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણોપાસક પરિવાર |
| ૨૧ | અનુપ્રેક્ષા ઉપવન ભા-૧,૨ | પં.ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણોપાસક પરિવાર |
| ૨૨ | પુષ્પ સુવાસ | સા.રિધ્ધિરેખાશ્રીજી | ગુજ. | મહાવિદેહ ધામ ટ્રસ્ટ |
| ૨૩ | નવપદ + દિવાળી વિધી | આ.અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમ્ આરાધક ટ્રસ્ટ |
| ૨૪ | જીવવિચાર પ્રશ્નોત્તરી | પૂ.મનિતપ્રભસાગરજી | હિ. | શ્રી જિનકાંતિસાગરસૂરિ સ્મારક ટ્રસ્ટ |
| ૨૫ | ગુરુવંદન ભાષ્ય | પૂ.મનિતપ્રભસાગરજી | હિ. | " " " |
| ૨૬ | પ્યાસા કંઠ-મીઠા પાની ભા-૧ થી ૮ | પૂ.મનિતપ્રભસાગરજી | હિ. | " " " |
| ૨૭ | કરૂણાનિધાન | પૂ.મનિતપ્રભસાગરજી | હિ. | " " " |
| ૨૮ | નવકાર સે ભવપાર | આ.પૂર્ણચંદ્રસૂરિજી | હિ. | પ્રવચનશ્રુત તીર્થ |
| ૨૯ | શ્રી નીતિસૂરિજી અષ્ટપ્રકારી પૂજા | પૂ.મોક્ષતિલકવિજયજી | હિ. | કસ્તુર રાજ મોક્ષ સોસાયટી |
| ૩૦ | ઘડપણ કોણે મોકલ્યું રે લોલ | રાજુલ રમેશ શાહ | ગુજ. | રાજુલ રમેશ શાહ |



Scanned with CamScanner

# સરસ્વતી પુત્રોને વંદના

નીચેના ગ્રંથોનું સંશોધન-સંપાદન કાર્ય ચાલુ છે. ટૂંક સમયમાં પ્રકાશિત થશે.

**આ. શ્રી યશોવિજયસૂરિજી મ.સા. (શ્રી પ્રેમ ભુવનભાનુસૂરિજી સમુદાય)**

(૧) સંમૂર્ચ્છિમમનુષ્ય :- આગમિક ઔર પારંપરિક સત્ય ભાગ-૨ (હિન્દી) સંશોધન સંપાદન

(૨) ગૂઢાર્થ તત્ત્વલોક :- યશોલતા સંસ્કૃત ટીકા અને કૈવલ્યા હિન્દી વ્યાખ્યા ભાગ-૧ થી ૧૪

**આ. શ્રી મહાબોધિસૂરિજી (શ્રી પ્રેમ ભુવનભાનુસૂરિજી સમુદાય)**

(૧) શ્રી મહાવીર જિન ચરિત્ર :- શ્રી ધર્મદાસ ગણિ રચિત નાગેન્દ્ર ગચ્છીય શ્રી ઉદયપ્રભસૂરિજી રચિત કર્ણિકા ટીકા અંતર્ગત (૧૨૦૦ શ્લોક) ની હસ્તપ્રત ઉપરથી શુદ્ધતાપૂર્વક સંશોધન-સંપાદન.

**શ્રી પ્રશમપ્રભવિજયજી (શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) શ્રી સિધ્ધહેમશબ્દાનુશાસન :- કારક પ્રકરણ ઉપર બૃહદ્‌વૃત્તિ, બૃહદન્યાસ, લઘુન્યાસ નું ગુર્જર વિવરણ.

(૨) તર્ક સંગ્રહ :- પ્રથમ ખંડનું વિવિધ ટીકાઓના આધારે બૃહદ્ વિવરણ.

(૩) શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ પર્વ ૧ નો વ્યાકરણ આધારિત અભિનવ ટીપ્પણીઓથી યુક્ત શ્લોક (અનુવાદક :- પૂ. નિસર્ગપ્રભવિજયજી મ.સા.)

**શ્રી શ્રુતાંગચંદ્રવિજયજી મ.સા. (શ્રી નેમિસૂરિજી સમુદાય)**

(૧) વર્ધમાન દેશના :- કર્તા શ્રી સર્વવિજય ગણિ અદ્યાવધિ અપ્રકાશિત કૃતિઓનું હસ્તપ્રત ઉપરથી સંશોધન-સંપાદન

**શ્રી અભિનંદનસાગરજી મ.સા. (શ્રી આનંદસાગરસૂરિજી સમુદાય)**

(૧) ધ્યાનામૃત :- જૈન અને જૈનેતર ૧૦૦ થી અધિક ગ્રંથોના દોહન દ્વારા ધ્યાન ઉપર વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ થી રહસ્યોદ્‌ઘાટન અને ધ્યાન વિષેના લેખોનું સંકલન

**પૂ. સાધ્વીજી હેમગુણાશ્રીજી મ.સા. રમ્યરેણુ (શ્રી ઓમકારસૂરિજી સમુદાય)**

(૧) શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ-૧ નું ગુજરાતી અનુવાદ, શ્લોકાનુસાર

(૨) શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર મહાકાવ્યના પ્રથમપર્વનો શબ્દકોશ, ધાતુકોષ તથા પરિશિષ્ટ, અભ્યાસ માટે ઉપયોગી.



Scanned with CamScanner

## સ્વાધ્યાય માટે કરવા યોગ્ય

અહો શ્રુતજ્ઞાનમ્ અંક-૫૧ માં પૂર્વાચાર્યો દ્વારા બનાવેલ પ્રકરણ ગ્રંથો કે જે મૂળ સ્વરૂપે પ્રકાશિત છે પરંતુ તેના ગુજરાતી અર્થ વિવેચન કે ભાવાનુવાદ પ્રકાશિત નથી તે કાર્ય કરવા માટે સૂચન કરેલ હતું. પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરિજી જ્ઞાનમંદિર - કોબાના સહયોગથી ભાષાંતર વિવેચન કરવા યોગ્ય સંસ્કૃત-૨૯ ગ્રંથોની યાદી અંક-૫૩માં રજુ કરી હતી. અહીં પ્રાકૃત ગ્રંથોની યાદી રજુ કરી છે. જે પણ પૂજ્યો આનું કાર્ય શરૂ કરે તે અમને જાણ કરે જેથી પુનરાવર્તન ન થાય.

| ક્રમ | ગ્રંથનુ નામ | કર્તા | ભાષા | શ્લોક |
|---|---|---|---|---|
| ૧ | અન્નાયઉંછ કુલક | અજ્ઞાત જૈન શ્રમણ | પ્રા. | ૩૧ |
| ૨ | આત્મશિક્ષા પ્રકરણ | પૂ. સકલચંદ્રજી | પ્રા. | ૧૬૭ |
| ૩ | આત્મહિત ચિંતા કુલક | આ. રત્નસિંહસૂરિજી | પ્રા. | ૩૨ |
| ૪ | આત્માનુશાસન કુલક | આ. રત્નસિંહસૂરિજી | પ્રા. | ૫૬ |
| ૫ | આરાધના પતાકા | અજ્ઞાત જૈન શ્રમણ | પ્રા. | ૯૩૨ |
| ૬ | આરાધના પ્રકરણ | આ. અભયદેવસૂરિજી | પ્રા. | ૮૪ |
| ૭ | આલોચના ગ્રહણ વિધિ પ્રકરણ | આ. જિનપ્રભસૂરિજી | પ્રા. | ૬૪ |
| ૮ | આલોચના વિધિ પ્રકરણ | આ. જયસિંહસૂરિજી | પ્રા. | ૩૫ |
| ૯ | આવશ્યક સપ્તતિ | આ. મુનિચંદ્રસૂરિજી | પ્રા. | ૭૦ |
| ૧૦ | ઉપદેશકુલક | આ. મુનિચંદ્રસૂરિજી | પ્રા. | ૨૫ |
| ૧૧ | ઉપદેશકુલક | આ. રત્નસિંહસૂરિજી | પ્રા. | ૨૬ |
| ૧૨ | ઉપદેશામૃત પ્રકરણ | આ. મુનિચંદ્રસૂરિજી | પ્રા. | ૩૨ |
| ૧૩ | કર્મ સંવેધ પ્રકરણ | પૂ. દેવચંદ્રજી | પ્રા. | ૧૭૪ |
| ૧૪ | ક્ષાંતિ કુલક | અજ્ઞાત જૈન શ્રમણ | પ્રા. | ૩૧ |
| ૧૫ | ગણધર સપ્તતિકા | આ. જિનદત્તસૂરિજી | પ્રા. | ૭૫૦ |
| ૧૬ | ગણધર સાર્ધ શતક | આ. જિનદત્તસૂરિજી | પ્રા. | ૧૫૦ |
| ૧૭ | ગુરુ સ્થાપના શતક | શ્રીધર | પ્રા. | ૧૦૩ |
| ૧૮ | ચરણ કરણ સપ્તતિ પ્રકરણ | આ. ચક્રેશ્વરસૂરિજી | પ્રા. | ૫૫ |
| ૧૯ | જીવાનુશાસનમ્ | આ. દેવચંદ્રસૂરિજી | પ્રા. | ૩૨૩ |
| ૨૦ | જ્ઞાનપ્રકાશ કુલક | આ. જિનપ્રભસૂરિજી | પ્રા. | ૧૧૪ |
| ૨૧ | દાનોપદેશમાલા | આ. દેવેન્દ્રસૂરિજી | પ્રા. | ૧૦૭ |
| ૨૨ | દ્વાદશ કુલક | આ. જિનવલ્લભસૂરિજી | પ્રા. | ૨૩૩ |
| ૨૩ | ધમ્મારિહ કુલક | આ. મુનિચંદ્રસૂરિજી | પ્રા. | ૫૦ |
| ૨૪ | ધર્મોપદેશમાલા | આ. જયસિંહસૂરિજી | પ્રા. | ૯૮ |
| ૨૫ | પદાર્થ સ્થાપના પ્રકરણ | આ. ચક્રેશ્વરસૂરિજી | પ્રા. | ૧૧૯ |
| ૨૬ | પર્યંત આરાધના | અજ્ઞાત જૈન શ્રમણ | પ્રા. | ૨૬૩ |
| ૨૭ | પર્યુષણા શતક | પૂ. ધર્મસાગર ગણિ | પ્રા. | ૧૧૦ |
| ૨૮ | પિંડાલોચના વિધાન પ્રકરણ | આ. જિનપ્રભસૂરિજી | પ્રા. | ૭૩ |



Scanned with CamScanner

# સ્વાધ્યાય માટે કરવા યોગ્ય

| ક્રમ | ગ્રંથનુ નામ | કર્તા | ભાષા | શ્લોક |
|---|---|---|---|---|
| ૨૯ | પ્રત્યાખ્યાન ભાષ્ય | અજ્ઞાત જૈન શ્રમણ | પ્રા. | ૪૭ |
| ૩૦ | બંધહેતુદય ત્રિભંગી પ્રકરણ | પૂ. હર્ષકૂલ | પ્રા. | ૬૫ |
| ૩૧ | બાલાવબોધ પ્રકરણ | અજ્ઞાત | અપભ્રંશ | ૧૧૬ |
| ૩૨ | બૃહદ્ વંદનક ભાષ્ય | અભયદેવસૂરિ શિષ્ય | પ્રા. | ૩૩ |
| ૩૩ | મહાસતી કુલક | અજ્ઞાત | પ્રા. | ૩૦ |
| ૩૪ | મિથ્યાત્વ સ્થાન વિવરણ કુલક | અજ્ઞાત | પ્રા. | ૪૪ |
| ૩૫ | રત્નત્રય કુલક | આ. મુનિચંદ્રસૂરિજી | પ્રા. | ૩૧ |
| ૩૬ | વિવેક મંજરી | અસાઢ કવિ | પ્રા. | ૧૪૪ |
| ૩૭ | વિશેષણવતી | જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ | પ્રા. | ૩૧૭ |
| ૩૮ | વિષય નિદાન કુલક | અજ્ઞાત જૈન શ્રમણ | પ્રા. | ૫૦ |
| ૩૯ | શતપંચાશીતિકા સંગ્રહણી | ઉત્તમ્ | પ્રા. | ૮૬ |
| ૪૦ | શ્રાવક વિધિ | ધનપાલ | પ્રા. | ૨૪ |
| ૪૧ | શ્રાવક વ્રત ભંગ પ્રકરણ | અજ્ઞાત જૈન શ્રમણ | પ્રા. | ૪૧ |
| ૪૨ | સંયમમંજરી | આ. મહેશ્વરસૂરિજી | પ્રા. | ૩૪ |
| ૪૩ | સંવેગામૃત પદ્ધતિ | આ. રત્નસિંહસૂરિજી | પ્રા. | ૧૨૨ |
| ૪૪ | સપ્તતિકા સાર | આ. હેમચંદ્રાચાર્ય | પ્રા. | ૯૬ |
| ૪૫ | સભાપંચક પ્રકરણ | આ. ચક્કેશ્વરસૂરિજી | પ્રા. | ૪૩ |
| ૪૬ | સર્વજ્ઞ શતક | ધર્મસાગરગણિ | પ્રા. | ૧૨૩ |
| ૪૭ | સાધર્મિક વાત્સલ્ય કુલકમ્ | આ. જિનપ્રભસૂરિજી | પ્રા. | ૨૪ |
| ૪૮ | સિધ્ધાંત સારોદ્ધાર પ્રકરણ | આ. ચક્કેશ્વરસૂરિજી | પ્રા. | ૨૧૩ |
| ૪૯ | સૂક્ષ્મવિચાર સારોદ્ધાર | પૂ. જિનવલ્લભ | પ્રા. | ૧૫૦ |
| ૫૦ | સૂક્ષ્માર્થ સત્તરી પ્રકરણ | આ. ચક્કેશ્વરસૂરિજી | પ્રા. | ૭૫ |
| ૫૧ | સ્થાપના પંચાશિકા | આ. પાર્શ્વચંદ્રસૂરિજી | પ્રા. | ૫૩ |
| ૫૨ | સ્વપ્ન સપ્તતિકા | અજ્ઞાત જૈન શ્રમણ | પ્રા. | ૭૧ |
| ૫૩ | હિતોપદેશ કુલક | આ. મુનિચંદ્રસૂરિજી | પ્રા. | ૨૫ |

(અનુસંધાન પાના ૭ ઉપર થી )

(૧૯) અનુક્રમણિકા અવશ્ય બનાવવી..

(૨૦) યાદ રાખવા માટે, સંક્ષેપમાં પુનરાવર્તન - સ્વાધ્યાય માટે, સંક્ષેપમાં બોધ માટે સમગ્ર ગ્રંથનો સાર મુદ્દાસર - અવાંતર મુદ્દા બનાવીને પરિશિષ્ટ રૂપે આપવાથી ઉપયોગી બની શકે.

शब्दज्ञानं, प्रसङ्गानुकूलार्थसंयोजनम्, अर्थानां सम्यक् धारणम्, युक्त्या प्रतिष्ठानम्, गूढशङ्कानिराकरणम्, प्रचलिततपाठभेदसंनिवेशः, मूलेन सहार्थसङ्गतिः, विशिष्टस्थलानां सतर्कव्याख्या, आप्तवाक्योद्धरणैः पुष्टिः, मार्मिकांशविश्लेषणं चेत्येताः टीकाकृत्सम्पदः ज्ञेयाः ।



Scanned with CamScanner

# અનુવાદ કરવા અંગે માર્ગદર્શન

પૂ.પં.ભવ્યસુંદરવિજયજી મ.સા.
પૂ.યશરત્નવિજયજી મ.સા.

સૌ પ્રથમ એ વાત ધ્યાનમાં રાખવી કે અનુવાદ કરવાનો આશય વાચકને સ્પષ્ટ પદાર્થ બોધ થાય તે છે. સંસ્કૃત ભાષા ભણવાનો નહીં. એટલે અનુવાદની ભાષા અને શૈલી એવી હોવી જોઇએ કે વાંચવાથી સ્પષ્ટ સમજાય કે પદાર્થ શું છે ? તે માટે ભાવાનુવાદ કરવો જોઇએ, શબ્દાનુવાદ નહીં. જે વાંચવાથી પદાર્થનો બોધ ન થાય, તેવા અનુવાદનો કોઇ અર્થ નથી. જેને સંસ્કૃત બિલકુલ આવડતું નથી, તેવી વ્યક્તિ મૂળ ગ્રંથને વાંચ્યા વિના સીધો જ અનુવાદ સડસડાટ વાંચી શકે, સમજી શકે તેવી પ્રવાહી શૈલીમાં અનુવાદ લખાવો જોઇએ.

બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની કે જે ભાવાર્થ લખાઇ રહ્યો છે તે ગ્રંથના કયા શબ્દોથી નીકળી રહ્યો છે તેની (શીખાઉ) વાચકને ખબર પડવી જોઇએ. આનાથી બે ફાયદા થાય છે.

(૧) અનુવાદ સાચો છે - બરાબર છે, તેવી નિઃશંક શ્રદ્ધા થાય છે.

(૨) ધીરે ધીરે વાચક પંક્તિનો અર્થ શી રીતે કરવો ? તે શીખતો જાય અને તેથી ધીરે ધીરે સ્વતંત્રપણે વાંચન કરી શકે.

અલબત્ત આ પ્રયોજનો ગૌણ છે. પદાર્થબોધનું પ્રયોજન પ્રધાન છે. એટલે શબ્દાર્થ સમજાવવા જતાં પદાર્થ બોધ ક્લિષ્ટ બની જતો હોય તો તે ઉપાદેય નથી, તે ધ્યાનમાં અવશ્ય રાખવું.

**સામાન્ય સૂચનો :**

(૧) વાચક આપણા કરતાં મંદ ક્ષયોપશમવાળો છે. એવું સમજીને લખવાનું છે. જે શબ્દો આપણને સમજવા અઘરા લાગે, તે ન લખવા. પ્રસિદ્ધ-પ્રચલિત શબ્દો, સરળ-પ્રવાહી શૈલી હોવી જોઇએ. **(દા.ત.: રવિ નહીં પણ સૂર્ય વિ...)**

(૨) સંસ્કૃતમાં કર્મણિનો પ્રચુર ઉપયોગ છે. ગુજરાતીમાં નહીંવત્ છે. કર્મણિ સંસ્કૃતનો ગુજરાતી અનુવાદ કર્મણિમાં કરાય તો બેહુદો લાગે છે.

**દા.ત : તેન કૃતં - તેણે કર્યું (તેના વડે કરાયું એ નહીં )**

(૩) જોડણીની અશુદ્ધિ અક્ષમ્ય ગણાય. સંસ્કૃતના વિદ્વાનો ગુજરાતીમાં ભૂલ કરે તે કેમ ચાલે ? જોડણીકોશ સાથે રાખવો. જ્યાં શંકા પડે ત્યાં જોવું, જે જોડણી ખોટી જ લખાતી હોય તે પ્રયત્નપૂર્વક સુધારવી, ચોક્કસ બનવું જોડણી બરાબર ન આવડતી હોય તો ગુજરાતી ભાષાનાં નિષ્ણાત પાસે ચેક કરાવવું, જોડણી સુધરાવવી, પણ અશુદ્ધ ન છપાવવું.

(૪) પહેલાં પદાર્થ ન સમજાય તો આખો ફકરો વાંચી લેવો. મનમાં પદાર્થ જ્યાં સુધી સ્પષ્ટ ન સમજાય ત્યાં સુધી પેન હાથમાં ન લેવી. એક એક શબ્દનો અર્થ કરનાર કદી સફળ અનુવાદક ન થઇ શકે. પદાર્થ સમજાયા પછી આપણે



Scanned with CamScanner

જ એ પદાર્થ લખી રહ્યા છીએ, તેવું વિચારીને લખવું. (ભાવાનુવાદ-વિવેચન આ શૈલીમાં થાય.)

(૫) જે અર્થ ન બેસે ત્યાં અદ્દે ગદ્દે ગમે તેમ લખી ન નાંખવું, બેસાડવા પૂરેપુરી મહેનત કરવી. ઘણીવાર મુદ્રણદોષ, સંપાદકની છદ્મસ્થતાના કારણે મુદ્રિત ગ્રંથમાં અશુદ્ધિઓ હોય છે. હસ્તલિખિત પ્રતોમાંથી શુદ્ધિકરણ થાય, તે ખૂબ ઇચ્છનીય છે. એ કાર્ય બહુ અઘરું નથી.

(૬) પૂરી મહેનત છતાં પદાર્થ ન બેસે તો અન્ય વિદ્વાનોને પૂછાવવું, શરમ ન રાખવી. અજ્ઞાન કરતાં અજ્ઞાનનું નિહ્નવણ મોટો દોષ બને છે. જેમના તરફથી સમાધાન મળે તેમનો સાભાર ઉલ્લેખ કરવો.

(૭) બધી જ મહેનત નિષ્ફળ જાય તો "અમને આનો અર્થ સમજાતો નથી" એમ લખવું. ગપગોળા ન ગબડાવવા અથવા "લગભગ અર્થમાં આમ હોવો જોઇએ એમ લાગે છે." એમ કરીને લખવું. જેથી વાચકને સ્પષ્ટ ખ્યાલ આવે કે અર્થ જુદો પણ હોઇ શકે છે. પાઠમાં સામાન્ય ફેરફારથી સંગતિ થઇ જતી હોય તો "પાઠ આમ હોવો જોઇએ એમ લાગે છે." એમ પણ લખી શકાય.

(૮) લખ્યા પછી અવશ્ય વાંચી જવું, મૂળ ગ્રંથ વિના પણ પદાર્થ બોધ થાય છે. તે ખાતરી કરવી. જો આપણું લખાણ વાંચીને આપણને ન સમજાય, શંકા થાય, તો બીજા કોને સમજાય ?

(૯) જે અર્થ બીજા ગ્રંથોના આધારે ખુલતો હોય, તેની નોંધ ફૂટનોટ વિ. માં કરવી.

(૧૦) પદાર્થ ખૂબ ગંભીર હોય અને વિસ્તૃત વિવેચન જરૂરી હોય તો પહેલાં અનુવાદ કરીને પછી વિવેચન અલગથી કરવું.

(૧૧) વાક્યો બહુ લાંબા ન કરવા. સરળતાથી અર્થ બોધ થાય તેવા નાના વાક્યો કરવા. તેમ ફકરા પણ બહુ મોટા ન કરવા, ૫-૧૦ વાક્યોના ફકરાથી અર્થ બોધ સરળ બને છે.

(૧૨) સંસ્કૃત ફકરાઓને ક્રમાંક આપીને, તેના અનુવાદને પણ ક્રમાંક અપાય તો અનુસંધાન કરવું સરળ રહે છે.

(૧૩) ચર્ચાને પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ/ શંકા-સમાધાન/ પ્રશ્ન-ઉત્તર રૂપે લખવા.. ઉત્તરપક્ષની અંતર્ગત આવેલ પ્રશ્નને શંકા સમાધાન રૂપે લખવો.

(૧૪) એક પદાર્થને સિદ્ધ કરવા ઘણાં હેતુઓ આપ્યા હોય, તો તેને ૧,૨,૩ એવા ક્રમાંક આપવા.

(૧૫) સંસ્કૃતમાં મુદ્રણમાં અલ્પ-અર્ધ-પૂર્ણવિરામ, ઉદ્ધરણો, મૂળગ્રંથના શબ્દો-છાયાના શબ્દો ( Bold Type કે અલગ કલરમાં ), સંધિના વિગ્રહો, પ્રશ્ન, ચર્ચાની શરૂઆત વગેરે પ્રાથમિક અભ્યાસુ સમજી શકે તે રીતે છપાવા જોઇએ.

(૧૬) અન્ય ગ્રંથોમાથી લેવાયેલા ઉદ્ધરણોના મૂળ સ્થાન જણાવવા.

(૧૭) પ્રાકૃત ફકરાઓ વિ. ની છાયા અપાય તો ઉત્તમ.

(૧૮) સંશોધન અવશ્ય કરાવવું.

(અનુસંધાન પાના ૫ ઉપર)



Scanned with CamScanner

# શ્રુત વિશ્વમાં નવલું નજરાણું

**વિશેષ આવશ્યક ભાષ્ય ભાગ-૧,૨,૩,૪ કર્તા :- શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ**
**ટીકાકાર :- શ્રી મલધારિ હેમચંદ્રસૂરિજી મ.સા. રચિત શિષ્યહિતા ટીકા**

લાંબા સમયથી અપ્રાપ્ય ગ્રંથને હસ્તપ્રતો ઉપરથી સંશોધન-સંપાદન કરીને વિષમપદ ટિપ્પણ સાથે પુસ્તકાકારે ચાર ભાગમાં પૂ.આ. શ્રી અજિતશેખરસૂરિજીએ સંપાદન કર્યો છે. અને અર્હમ પરિવાર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે.

---

(૨) પૂ.આ.શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા. ના શિષ્યરત્ન પૂ.પં.શ્રીભવ્યસુંદરવિજયજી મ.સા. દ્વારા પોતાના શિષ્યોના અભ્યાસ દરમ્યાન હસ્તપ્રત ઉપરથી સંશોધન કરીને મહો.યશોવિજયજી મ.સા.ના બે ગ્રંથો સામાચારી પ્રકરણ અને દેવધર્મપરીક્ષાનું શુદ્ધિ પત્રક તૈયાર કરવામાં આવેલ છે. જેઓને અભ્યાસ માટે જરૂર હોય તે મેસેજ કે પત્ર લખવાથી અમોને અથવા books@shramanopasak.in ઉપર email કરવાથી મળી શકશે.

---

**ણમો તિત્થસ્સ :- સંપાદક : મૈત્રીદૂત શ્રી કમલકુમાર જૈન**

ભારતભરના ૩૬૦૦ જૈન તીર્થ, પ્રાચીન જિનાલય, વિહારધામનો સર્વેક્ષણ કરીને રંગીન ફોટાઓ સાથે હિંદીમાં ૧૬ ભાગમાં ખૂબ જ દળદાર ગ્રંથ પ્રકાશિત કરવામાં આવેલ છે. પ્રાચીન જીર્ણ થઇ રહેલા જિનાલયોના જીર્ણોદ્ધાર અને તીર્થરક્ષા માટે ખૂબ જ ઉપયોગી પ્રકાશનના સંપૂર્ણ ૧૬ ભાગ મેળવવા માટે

શ્રી કમલકુમાર જૈન - ઉજ્જૈન મો.નં. : ૮૯૮૯૪૦૪૦૫૧ ઉપર સંપર્ક કરવો.

---

**સ્વાધ્યાય-અનુવાદ કરવા યોગ્ય :-** અહો શ્રુતજ્ઞાનમ્ અંક-૫૩ માં પ્રકાશિત સંસ્કૃત ગ્રંથોની યાદીમાંથી ઘણા બધા ગુરુભગવંતો દ્વારા ગ્રંથોના ભાવાનુવાદ અનુવાદનું કાર્ય શરૂ કરવામાં આવેલ છે. તેઓની હૃદયપૂર્વક અનુમોદના. અમોએ રજુ કરેલ યાદીના બધા જ ગ્રંથો જુદા જુદા પૂજ્યો દ્વારા પહેલા પ્રકાશિત થયેલા છે અને લગભગ બધી જ કૃતિઓ મૂળ રૂપે શાસ્ત્રસંદેશમાળા ભાગ ૧ થી ૨૪ માં છે. આ ગ્રંથોની પૂજ્ય સાધ્વીજી ભગવંતો દ્વારા ગાથા અને અર્થની પ્રેસ કોપી પણ તૈયાર થઇ રહી છે. અભ્યાસ-સ્વાધ્યાય માટે ઉપયોગી ગ્રંથોનું અમો ગાથાર્થ ગુજરાતીમાં પ્રકાશિત કરીશું.

---

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org

અહો ! શ્રુતજ્ઞાનમ્

Rs. 1
Ticket



Scanned with CamScanner